RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 329 * Date: 19.09.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોના રક્ષકઃ રાહુલ ગાંધી





રાહુલ ગાંધીએ વોટ ચોરી મુદ્દે વધુ એક સનસનીખેજ આક્ષેપ કર્યો છે. તેમણે ફરી એકવાર પ્રેસ કોન્ફરન્સ યોજીને વોટ ચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ દરમિયાન તેમણે કેટલાક પુરાવા રજૂ કરીને દાવો કર્યો હતો કે, 'દેશમાં એક એવી તાકાત છે, જેણે વોટિંગ સિસ્ટમને હાઈજેક કરી વોટ ડિલીટ કરી દીધા છે, નવા વોટ ઉમેરાઈ રહ્યા છે. દેશની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. દેશના વોટ ચોરોને મુખ્ય ઈલેક્શન કમિશર જ છાવરી રહ્યા છે, જેના મારી પાસે સચોટ પુરાવા છે. હવે હું 'વોટ ચોરી' મુદ્દે ટૂંક સમયમાં જ 'હાઈડ્રોજન બોમ્બ' ફોડવાનો છું.' નોંધનીય છે કે, હાલમાં જ રાહુલ ગાંધીની 'વોટર અધિકાર યાત્રા' પૂર્ણ થઈ છે.

આ અંગે વધુ વાત કરતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મારું કામ લોકશાહી પદ્ધતિમાં ભાગ લેવાનો છે. તેની સુરક્ષા કરવાનું નથી. ભારતના ઈન્સ્ટિટ્યુશન્સ આ કામ કરી રહ્યા નથી. તેથી હું તેમનું કામ કરી રહ્યો છું. મારું કામ સત્ય બહાર લાવવાનું છે. ભારતની લોકશાહી હાઈજેક થઈ ગઈ છે. તેને દેશના લોકો જ બચાવી શકશે.

મહારાષ્ટ્રનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે, મહારાષ્ટ્રની રજોરા વિધાનસભા બેઠકમાં ઓનલાઇન વોટ ઉમેરવામાં આવ્યા હતા. કર્ણાટક સીઆઈડીએ ચૂંટણી પંચ પાસે માર્ચ મહિનામાં વોટ ચોરી મામલે માહિતી મગાવી હતી, જેમાં જેની જરૂર હતી તે સિવાય અન્ય તમામ વિગતો સીઆઇડીને આપી. સીઆઈડીએ આ મામલે ચૂંટણી પંચને ૧૮ રિમાન્ડર પત્રો લખ્યા. ચૂંટણી પંચના કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને છાવરી રહ્યા છે. અમારી માગ છે કે, જ્ઞાનેશ કુમાર કર્ણાટકની સીઆઈડીને એક સપ્તાહની અંદર તમામ પુરાવા આપો.

રાહુલ ગાંધીએ સનસનીખેજ આક્ષેપો કરતાં કહ્યું કે, મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર વોટ ચોરોને બચાવી રહ્યા છે. આ દાવાના મારી પાસે પુરાવા છે, જેને નકારી શકાય નહીં. આ પુરાવા બ્લેક એન્ડ વ્હાઈટ છે. અમારી પાસે પુરાવા છે કે દેશભરમાં લઘુમતી, દલિતો, આદિવાસી અને ઓબીસીના લાખો વોટ કાઢી નંખાયા છે. આ ખાલી વિપક્ષના વોટ કાપવાની ટ્રીક છે.

કર્ણાટકની આલંદ વિધાનસભા બેઠકનો ઉલ્લેખ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું કે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં અહીં ૬૦૧૮ મતો કાઢી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક બીએલઓએ જોયું કે તેમના કાકાનો વોટ જ કાઢી નાખવામાં આવ્યો છે. જાણવા મળ્યું કે આ એક પાડોશીના નંબર પરથી થયું છે. જ્યારે તેમણે પાડોશી સાથે વાત કરી ત્યારે તેમણે કહ્યું કે તેમને ખબર પણ નથી કે કેવી રીતે કાઢી નાખવામાં આવ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે અન્ય રાજ્યોના મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને ઓનલાઇન ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીએ ગોદા બાઈ નામની એક મહિલાનું ઉદાહરણ પણ આપ્યું. તેમના નંબર પરથી કુલ ૧૨ વોટ ડિલીટ કરાયા હતા અને તેમને તેની જાણ પણ નહોતી.

તેમણે સૂર્યકાંત નામના બીજા વ્યક્તિના નામે ૧૨ લોકોના નામ ડિલીટ થવાનું ઉદાહરણ પણ આપ્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે માત્ર ૩૬ સેકન્ડમાં બે ફોર્મ ભરાઈ ગયા. આટલા ઓછા સમયમાં બે ફોર્મ કેવી રીતે ભરાઈ શકે? વધુમાં, આ સમય પણ સવારે ૪:૦૭ વાગ્યાનો હતો. રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં મતદાર ગોડાબાઈનો વીડિયો બતાવી વોટ ચોરી મુદ્દે વાત શરુ કરી હતી. તેમણે કહ્યું કે, હું પુરાવા સાથે મારી વાત કહી રહ્યો છું. દેશના દલિત અને ઓબીસી ટાર્ગેટમાં છે. હું આપણા દેશ અને બંધારણને પ્રેમ કરું છું. હું બંધારણની રક્ષા કરીશ. કર્ણાટકના આલંદમાં ૬૦૧૮ મતદારોના નામ દૂર કરી દેવામાં આવ્યા. રાહુલ ગાંધીના 'હાઈડ્રોજન બોમ્બ'ના નિવેદન પર શરદ પવારે જણાવ્યું કે, દેશની નોન-ભાજપ પાર્ટીઓએ પહેલી વાર આ મુદ્દે સંસદની બહાર દેખાવો કર્યા છે. જેમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે ઉપસ્થિત હતા. ૩૦૦ સાંસદ સંસદ છોડી રસ્તા પર ઉતર્યા છે, જેને નજરઅંદાજ કરી શકાય નહીં. ચૂંટણી પંચે આ મામલે પોતાનું વલણ બદલવું જોઈએ. અમે વાતચીત અને ચર્ચામાંથી પીછેહટ કરવાનો પ્રયાસ કર્યો નથી.

# કર્ણાટક : એસબીઆઈમાં હથિયારધારી લૂંટારાઓ ત્રાટક્યા







વિજયપુરા,

કર્ણાટકના વિજયપુરા જિલ્લાના ચદચન કસ્બામાં આવેલી જીૈ બેંકમાં ધોળા દિવસે હથિયારબંધ લૂંટારૂઓએ મોટી લૂંટ કરી છે.

પ્રાથમિક અહેવાલ મુજબ લૂંટારાઓ ૫૮ કિલો સોનું અને આઠ કરોડ રૂપિયા રોકડની લૂંટ કરીને ફરાર થઈ ગયા છે. પોલીસના જણાવ્યા મુજબ, ત્રણ લૂંટારૂઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવીને આ ઘટનાને અંજામ આપ્યો છે.

શાખા પ્રબંધક તારકેશ્વરની ફરિયાદ મુજબ, ત્રણ લૂંટારૂઓ બેંકમાં કરન્ટ ખાતું ખોલવાના બહાને પ્રવેશ્યા હતા. તેમની પાસે બંદૂક અને ચાકૂ હતા, જેનાથી તેઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને ધમકાવ્યા હતા. તેઓએ કર્મચારીઓ અને ગ્રાહકોને પ્લાસ્ટિક ટેગથી બાંધી દીધા હતા અને લોકર ખોલવા માટે મજબૂર કર્યા હતા.

લૂંટારૂઓ ૪૨૫ સોનાના પેકેટોમાંથી લગભગ ૨૦ કિલોગ્રામના ૩૯૮ પેકેટ ચોરી ગયા છે. આ ઉપરાંત, તેઓએ ૧.૦૪ કરોડ રૂપિયાની રોકડ પણ લૂંટી કરી છે. પોલીસે કહ્યું કે, લૂંટારૂઓ એક વાહનમાં ભાગી ગયા છે. તેઓ મહારાષ્ટ્રના પંઢરપુર તરફ જઈ રહ્યા હતા.

બીજીતરફ લૂંટારાઓના વાહનનો સોલાપુર જિલ્લાના હુલજંતી ગામ પાસે અકસ્માત થયો હતો, જોકે તેપછી લૂંટારાઓ લૂંટેલો સામાન લઈને ફરાર થઈ ગયા છે.

આ ઘટના વિજયપુરા જિલ્લામાં થોડા મહિનામાં બીજી મોટી લૂંટ છે. આ પહેલાં, ૨૩થી ૨૫ મે વચ્ચે, મંગુલી ગામમાં કેનેરા બેંકની શાખામાંથી ૫૩.૨૬ કરોડ રૂપિયાની લૂંટ થઈ હતી. તે લૂંટનો મુખ્ય સૂત્રધાર બેંકનો પૂર્વ શાખા પ્રબંધક વિજયકુમાર મિરિયાલ હતો, જેણે હોલીવુડ અને બોલીવુડની ફિલ્મોમાંથી પ્રેરણા લીધી હતી.

જિલ્લામાં વધતી લૂંટની ઘટનાઓએ સ્થાનિક લોકોમાં ભય પેદા કર્યો છે.

પોલીસ અધિક્ષક લક્ષ્મણ નિંબર્ગીએ ખાતરી આપી છે કે, કર્ણાટક અને મહારાષ્ટ્રની પોલીસે યુદ્ધના ધોરણે તપાસ કામગીરી આરંભી દીધી છે અને ગુનેગારોને જલ્દી જ પકડી પાડવામાં આવશે. આ ઘટના બાદ બેંક મેનેજમેન્ટે પણ સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન કરવાનું આશ્વાસન આપ્યું છે.

## પ્રાથમિક તપાસ પછી તરત કાર્યવાહી કરીને શિક્ષિકાને સસ્પેન્ડ કરવામાં આવી

# પગે ના લાગતાં શિક્ષિકાએ ફટકારતાં ૩૧ વિદ્યાર્થીઓ હોસ્પિટલમાં દાખલ



ભુવનેશ્વર,

શાળામાં શિક્ષકો વિદ્યાર્થીઓને જીવનમૂલ્યોના પાઠ શીખવે છે. પરંતુ કેટલાક શિક્ષકો વિવેકભાન ભૂલી જાય છે, તેના કારણે સમગ્ર શિક્ષકગણે શરમજનક સ્થિતિમાં મૂકાવું પડે છે. આવી જ એક ઘટના ઓડિશાના મયુરભંજમાં બની છે, જ્યાં એક શિક્ષિકાએ વિવેકભાન ભૂલીને ૩૧ બાળકોની ક્રૂર મારપીટ કરી, જેના કારણે ઘાયલ બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. આ નિર્દોષ બાળકોનો વાંક ફક્ત એટલો જ હતો કે સવારની પ્રાર્થના સમયે પગે લાગવાનું ભૂલી ગયા હતા. બેઝિક શિક્ષણાધિકારીએ આ ઘટના વિશે જણાવ્યું કે સવારની સમૂહ પ્રાર્થના પછી તમામ બાળકો પોત-પોતાના વર્ગમાં જતા રહ્યા હતા, પરંતુ ધોરણ ૬, ૭ અને ૮ના બાળકો શિક્ષિકાને પગે લાગ્યા નહીં, જેના કારણે શિક્ષિકાએ દંડાથી ક્રૂરપણે મારપીટ કરી હતી. જ્યારે પીડિત બાળકોના વાલીઓને ઘટનાની ખબર પડી તો તેઓ ત્વરિતપણે શાળામાં પહોંચ્યા હતા. વાલીઓની માંગ છે કે શિક્ષિકાની સામે કાર્યવાહી કરવામાં આવે. ઘાયલ વિદ્યાર્થીઓને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.બેઝિક શિક્ષણાધિકારીએ કહ્યું કે, અમને શાળાના આચાર્ય પૂર્ણચંદ્ર ઓઝાએ ઘટના અંગેની માહિતી આપી, અમે તરત જ શાળાએ પહોંચ્યા. અમારી સાથે શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય અને કલસ્ટર રિસોર્સ સેન્ટર કો-ઓર્ડિનેટર(સીઆરસીસી) દેબાશીષ સાહુ પણ હતા. તેમણે સમગ્ર મામલાની તપાસ કરી. બેઝિક શિક્ષણાધિકારી બિપ્લવે કહ્યું કે, અમે ઘાયલ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી અને તેમના નિવેદન નોંધ્યા છે. પ્રાથમિક તપાસ પછી તરત કાર્યવાહી કરીને શિક્ષિકાને સસ્પેન્ડ કરવામાં આવી છે.

# પાણીનો મુદ્દો ઊઠાવનારા ઈન્ફ્લુએન્સર સાથે મારપીટ



ગાંધીનગર મેટ્રો, તા.૧૮

ચિત્તોડગઢ,

રાજસ્થાનમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. રાજસ્થાનના ચિત્તોડગઢમાં એક સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે આરોપ લગાવ્યો છે કે, મેં ઈન્સ્ટાગ્રામ પર મારા વિસ્તારમાં પાણીની અછતનો મુદ્દો ઉઠાવ્યા બાદ ગુંડાઓ દ્વારા મારા પર હુમલો કરવામાં આવ્યો હતો અને મારા પગ તોડી નાખવામાં આવ્યા. ઈન્ફ્લુએન્સરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. સૂરજ માલીએ સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું પણ નામ લીધું છે અને આરોપ લગાવ્યો કે તેના ઈશારે જ ગુંડાઓએ મારી પર હુમલો કર્યો હતો.

એક અહેવાલ પ્રમાણે જિંગરે આરોપોનો સીધો જવાબ નથી આપ્યો. જોકે, તેણે કહ્યું કે માલી પર થયેલો હુમલો ખૂબ જ નિંદનીય છે અને તેને કોઈપણ રીતે સહન કરવામાં આવશે નહીં. ચિત્તોડગઢના કાપાસનના રહેવાસી માલીએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, હું સોમવારે સાંજે લગભગ ૫:૧૫ વાગ્યે પોતાની શિફ્ટ પૂર્ણ કરીને ફેક્ટરીથી ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે રસ્તામાં હાઈવે પર મારી બાઈકની સામે એક વ્હાઈટ સ્કોર્પિયો કાર આવીને ઉભી રહી અને તેમાંથી ૬-૭ લોકો બહાર નીકળ્યા અને લોખંડના સળિયા અને પાઈપથી મારા પર હુમલો કર્યો. તેઓએ મને ધમકાવીને કહ્યું કે, તું રોજ પાણીની વાત કરે છે, આજે અમે તને મારીને પાણીમાં ફેંકી દઈશું. પોતાની ફરિયાદમાં સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલ જિંગરનું નામ લેતા માલીએ જણાવ્યું કે, હુમલા પાછળ ધારાસભ્યનો હાથ છે.

માલીએ દાવો કર્યો હતો કે, વીડિયો અપલોડ કરવા માટે મને અગાઉ પણ ધારાસભ્યના ઈશારે ધમકી આપવામાં આવી હતી કે, જો તેં આ વીડિયો બનાવ્યો અને અપલોડ કર્યો, તો તારી સારવાર થઈ જશે.

તેણે કહ્યું કે હુમલાખોરોએ મારી સાથે જે મિત્ર હતો ઉદય લાલ ભીલ તેને પણ ધમકી આપી અને કહ્યું કે, ભાગી જા નહીંતર માર્યો જઈશ. આ ગુંડાઓએ કહ્યું કે, જે પણ પાણીનો મુદ્દો ઉઠાવવાની હિંમત કરશે તેને પાઠ ભણાવવામાં આવશે.

માલીના મિત્ર ઓમ પ્રકાશે જણાવ્યું કે, માલીએ મને જણાવ્યું કે, તેઓ તેને કિડનેપ કરવા માગતા હતા અને તેને કારમાં નાખવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ તેણે પોતાના મિત્ર ઉદય લાલને પકડી રાખ્યો હતો અને તેને જવા નહોતો દીધો. તેથી તેણે લોખંડના સળિયા અને પાઈપથી મારવાનું શરૂ કરી દીધું. જેવી ગાડી રોકાઈ અને આજુબાજુ લોકો એકઠા થઈ જતા, તેઓ ત્યાંથી ભાગી ગયા.

તેની ફરિયાદ બાદ સ્થાનિક પોલીસે હત્યાનો પ્રયાસ અને રમખાણો સહિત અનેક કલમો હેઠળ હ્નૈંઇ નોંધી છે. કાપાસન પોલીસ સ્ટેશનના એસએચઓ રતન સિંહે જણાવ્યું કે, અજાણ્યા વ્યક્તિઓ સામે હ્નૈંઇ દાખલ કરી લેવામાં આવી છે અને પોલીસે કેટલાક સાક્ષીઓના નિવેદનો પણ નોંધ્યા છે. સૂરજ પાછળ બેઠો હતો અને તેનો મિત્ર (ઉદય લાલ) ગાડી ચલાવી રહ્યો હતો. હજુ સુધી કોઈની અટકાયત કરવામાં આવી નથી. પ્રકાશે જણાવ્યું કે, માલી થોડા મહિનાઓથી વીડિયો બનાવી રહ્યો હતો. થોડા દિવસ પહેલા તે જે કંપનીમાં કામ કરે છે તેણે તેને કહ્યું કે તારા પર દબાણ છે અને તારે વીડિયો બનાવવાનું અને પોસ્ટ કરવાનું બંધ કરી દેવું જોઈએ. તે સંમત થયો અને કહ્યું કે, હું હવે વીડિયો પોસ્ટ નહીં કરીશ. જોકે, તેણે તાજેતરમાં ફરીથી કેટલાક વીડિયો પોસ્ટ કર્યા. માલીની સરવારમાં મદદ કરી રહેલા એક સ્થાનિક વ્યક્તિએ કહ્યું કે, તેના વીડિયોમાં કોઈ રાજકીય કાવતરું નહોતું. તે એક ગરીબ પરિવારમાંથી આવે છે અને કોઈ પણ પક્ષ સાથે જોડાયેલો નથી. તે માત્ર પોતાના સ્થાનિક ધારાસભ્યને ચૂંટણી વચનોની યાદ અપાવી રહ્યો હતો.કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોટાસરાએ કહ્યું કે, સૂરજ માલીના પગ એટલા માટે તોડી નાખવામાં આવ્યા, કારણ કે તેણે સ્થાનિક ભાજપ ધારાસભ્ય અર્જુન લાલને સોશિયલ મીડિયા પર તેમના ચૂંટણી વચનની યાદ અપાવી હતી

# આગામી ૩ દિવસ કેટલાક જિલ્લામાં ભારે વરસાદને લઈ એલર્ટ જાહેર



અમદાવાદ,

ગુજરાતમાં ચોમાસું સત્તાવાર રીતે વિદાય લેવાની તૈયારીમાં છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૩ દિવસ સુધી રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત રિજનમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલ રાજ્યમાં મોનસુન ટ્રફ સક્રિય હોવાના કારણે દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી છે. આ સમય દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. જોકે અત્યાર સુધી રાજ્યમાં ૨૯% જેટલો વધુ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં આગામી ત્રણ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી વરસાદમાં રાહત જોવા મળી રહી છે. જોકે, આ રાહત ફક્ત થોડા સમય પૂરતી જ રહેશે. કારણ કે, હવામાન વિભાગે ફરી નવી આગાહી કરી છે. રાજ્યના અમુક ભાગોમાં ભારે વરસાદનું ઍલર્ટ જાહેર કર્યું છે.રાજસ્થાનમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં પણ ઉત્તર ભાગમાંથી ચોમાસું વિદાય લઈ રહ્યું છે. પરંતુ કેટલાક ભાગોમાં હજુ પણ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી નવરાત્રિના તહેવાર દરમિયાન પણ હળવા વરસાદની શક્યતા રહેલી છે, જે ખેલૈયાઓની મજા બગાડી શકે છે.

## તંત્રી સ્થાનેથી..

# આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો

આજે, ૧૮ સપ્ટેમ્બરના રોજ સતત બીજા દિવસે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (ૈંમ્તછ) અનુસાર, ૨૪ કેરેટ સોનાનો ૧૦ ગ્રામ ભાવ ૪૬૯ રૂપિયા ઘટીને ૧,૦૯,૨૬૪ રૂપિયા થયો છે. ગઈકાલે તે ૧,૦૯,૭૩૩ રૂપિયા હતો.

ચાંદી પણ ?૧૯૩ ઘટીને ?૧,૨૫,૫૬૩ પ્રતિ કિલોગ્રામ થઈ ગઈ. અગાઉ, ૧૭ સપ્ટેમ્બરે ચાંદી ?૧,૨૫,૭૫૬ પર હતી. ૧૬ સપ્ટેમ્બરે, સોનું ?૧,૧૦,૮૬૯ અને ચાંદી ?૧,૨૫,૭૫૬ ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ?૩૩,૧૦૨નો વધારો થયો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ?૭૬,૧૬૨ હતો, જે હવે વધીને ?૧,૦૯,૨૬૪ થયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ ?૩૯,૫૪૬નો વધારો થયો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ ?૮૬,૦૧૭ હતો અને હવે તે વધીને ?૧,૨૫,૫૬૩ પ્રતિ કિલોગ્રામ થયો છે.

સોનું ખરીદતી વખતે આ ૩ બાબતોનું ધ્યાન રાખો

૧. ફક્ત સર્ટિફાઈડ સોનું જ ખરીદો

હંમેશાં બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (ૈંજી)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર ૬-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા ૐૈંઢ કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યૂમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - છઢ૪૫૨૪. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

૨. કિંમત ક્રોસ ચેક કરો

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઇટ) પરથી તપાસો. સોનાની કિંમત ૨૪ કેરેટ, ૨૨ કેરેટ અને ૧૮ કેરેટ પ્રમાણે બદલાય છે. ૨૪ કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે ૨૨ કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

સોનું ખરીદતી વખતે રોકડ ચુકવણીને અને ડિજિટલ બેંકિંગ દ્વારા ચુકવણી કરવી વધુ સારું છે. જો તમે ઈચ્છો તો તમે ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા પણ ચુકવણી કરી શકો છો. આ પછી બિલ લેવાનું ભૂલશો નહીં. જો તમે ઓનલાઈન ઓર્ડર કર્યો હોય તો પેકેજિંગ ચોક્કસ તપાસો.

# રશિયા પાસે ટૂંક સમયમાં એલોન મસ્કની સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકનો હરીફ હશે

મોસ્કો,

રશિયાના અવકાશ વડાએ બુધવારે જણાવ્યું હતું કે રશિયા પાસે ટૂંક સમયમાં એલોન મસ્કની સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા સ્ટારલિંકનો હરીફ હશે, કારણ કે તે જૂની વિચારસરણીથી દૂર જવાનો પ્રયાસ કરે છે જેના કારણે સ્પેસએક્સને સેટેલાઇટ પ્રભુત્વનો તાજ જીતવાની મંજૂરી મળી છે.

સ્ટારલિંક કહે છે કે તે ૮,૦૦૦ થી વધુ ઉપગ્રહો સાથે વિશ્વના સૌથી મોટા ઉપગ્રહ નક્ષત્રનું સંચાલન કરે છે, અને રશિયન અધિકારીઓ દ્વારા મસ્કને અવકાશ વાહનોના પ્રક્ષેપણમાં ક્રાંતિ લાવવાનો શ્રેય આપવામાં આવે છે - રશિયાના ખર્ચે.રશિયાની રોસકોસ્મોસ સ્પેસ એજન્સીના નવા ૩૯ વર્ષીય વડા દિમિત્રી બકાનોવે રશિયન ટીવી હોસ્ટ વ્લાદિમીર સોલોવ્યોવ સાથેની એક મુલાકાતમાં સ્વીકાર્યું કે અવકાશ એજન્સીએ ×જડતા× થી દૂર જવું પડશે અને વધુ યુવા પ્રતિભાને આકર્ષિત કરવી પડશે.

તેમણે કહ્યું કે, રશિયા મસ્કના સ્પેસએક્સ દ્વારા સંચાલિત સ્ટારલિંકનો વિકલ્પ બનાવવા તરફ આગળ વધી રહ્યું છે, જે લો-અર્થ ઓર્બિટ ઉપગ્રહોના નક્ષત્ર દ્વારા ઇન્ટરનેટ સેવાઓ પ્રદાન કરે છે અને દૂરસ્થ વિસ્તારો અને સંઘર્ષ ઝોનમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે.

રશિયા સાથેના યુદ્ધમાં યુક્રેનિયન દળો દ્વારા સ્ટારલિંકનો ભારે ઉપયોગ થાય છે.

બ્યુરો ૧૪૪૦ તરીકે ઓળખાતી એક રશિયન એરોસ્પેસ કંપની, વૈશ્વિક બ્રોડબેન્ડ ડેટા ડિલિવરી માટે લો અર્થ ઓર્બિટ સેટેલાઇટ સિસ્ટમ વિકસાવી રહી છે.

બકાનોવે કહ્યું કે, રશિયાએ તેની ભૂલોમાંથી શીખ્યા છે - જેમાં ૨૦૦૨માં એક એપિસોડનો પણ સમાવેશ થાય છે જ્યારે તેણે મોસ્કોમાં અવકાશ પ્રક્ષેપણ માટે ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ ખરીદવાના મસ્કના પ્રયાસને ફગાવી દીધો હતો.

એશલી વાન્સની ૨૦૧૫માં મસ્કની જીવનચરિત્ર અનુસાર, રશિયનોએ ૨૦૦૨માં મસ્કને એવી રીતે બરતરફ કર્યો કે જાણે તે વિશ્વસનીય ન હોય - જેના કારણે મસ્ક રશિયાના અવકાશ પ્રક્ષેપણ ફીમાં ઘટાડો કરવાનો માર્ગ શોધવા માટે પ્રેરિત થયા.

સોવિયેત યુનિયન ઉપગ્રહ પૃથ્વીની પરિક્રમા કરનાર સૌપ્રથમ હતો

અવકાશ સ્પર્ધાના શરૂઆતના વર્ષોમાં સોવિયેત યુનિયને ૧૯૫૭માં પૃથ્વીની પરિક્રમા કરવા માટે ઉપગ્રહ - સ્પુટનિક ૧ - લોન્ચ કરીને પશ્ચિમને ડરાવી દીધું હતું અને ત્યારબાદ સોવિયેત અવકાશયાત્રી યુરી ગાગરીન ૧૯૬૧માં અવકાશમાં મુસાફરી કરનાર પ્રથમ માણસ બન્યા હતા.

પરંતુ ૧૯૯૧માં સોવિયેત યુનિયનના પતન પછી, રશિયાના અવકાશ કાર્યક્રમમાં ભંડોળની ભારે અછત, ભ્રષ્ટાચાર અને નબળા સંચાલન અંગે યુવા ઈજનેરોની ફરિયાદોનો સામનો કરવો પડ્યો.

×ભ્રમણકક્ષામાં ઘણા પરીક્ષણ વાહનોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે અને તે મુજબ ઉત્પાદન વાહનોમાં ફેરફાર કરવામાં આવ્યા છે,× બકાનોવે કહ્યું. ×અમે આ દિશામાં ઝડપી ગતિએ પણ આગળ વધી રહ્યા છીએ.×

બ્યુરો ૧૪૪૦ તરીકે ઓળખાતી રશિયન એરોસ્પેસ કંપની વૈશ્વિક બ્રોડબેન્ડ ડેટા ડિલિવરી માટે લો અર્થ ઓર્બિટ સેટેલાઇટ સિસ્ટમ વિકસાવી રહી છે.

બકાનોવે કહ્યું કે, રશિયાએ તેની ભૂલોમાંથી શીખ્યા છે - જેમાં ૨૦૦૨માં અવકાશ પ્રક્ષેપણ માટે ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ ખરીદવાના મસ્કના પ્રયાસને ફગાવી દેવાનો પણ સમાવેશ થાય છે.

એશલી વાન્સની ૨૦૧૫ માં લખાયેલી મસ્કની જીવનચરિત્ર મુજબ, રશિયનોએ ૨૦૦૨ માં મસ્કને એવી રીતે બરતરફ કર્યો કે જાણે તે વિશ્વસનીય ન હોય - જેના કારણે મસ્કને રશિયાના અવકાશ પ્રક્ષેપણ ફીમાં ઘટાડો કરવાનો માર્ગ શોધવા માટે પ્રેરણા મળી.

સોવિયેત યુનિયન ઉપગ્રહ પૃથ્વીની પરિક્રમા કરનાર પ્રથમ વ્યક્તિ હતો

સોવિયેત યુનિયને ૧૯૫૭ માં પૃથ્વીની પરિક્રમા કરવા માટે ઉપગ્રહ - સ્પુટનિક ૧ - લોન્ચ કરીને અવકાશ સ્પર્ધાના શરૂઆતના વર્ષોમાં પશ્ચિમને ડરાવી દીધું હતું અને પછી સોવિયેત અવકાશયાત્રી યુરી ગાગરીન ૧૯૬૧ માં અવકાશમાં મુસાફરી કરનાર પ્રથમ માણસ બન્યા.

પરંતુ ૧૯૯૧ માં સોવિયેત યુનિયનના પતન પછી, રશિયાના અવકાશ કાર્યક્રમને ભંડોળની ભારે અછત, ભ્રષ્ટાચાર અને નબળા સંચાલન અંગે યુવા ઈજનેરોની ફરિયાદોનો સામનો કરવો પડ્યો.




## એશિયા કપ વચ્ચે શ્રેયસ ઐયરના ઘરે શોકનો માહોલ

*(સંપૂર્ણ સમાચાર સેવા)*

*નવી દિલ્હી, તા.૧૭*

*એશિયા કપ વચ્ચે સ્ટાર ક્રિકેટર શ્રેયસ ઐયરના ઘરે શોકનો માહોલ છે. એશિયા કપ પહેલા ઐયર સમાચારોમાં હતો કારણ કે તેને ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો હતો. એશિયા કપ શરૂ થયો ત્યાં સુધી પ્રશ્ન એ રહ્યો કે તેને ટીમમાં કેમ સામેલ કરવામાં ના આવ્યો. હવે, તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને ચાહકોને ભાવુક કર્યા છે.*

*શ્રેયસ ઐયરે એક ભાવુક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં ઐયર અને તેના પાલતુ શ્વાન સાથે જોવા મળે છે. ઐયરે તેના ડોગ સાથેની કેટલીક યાદો શેર કરી છે, કારણ કે તે હવે આ દુનિયામાં નથી. વીડિયો પોસ્ટ કરીને, ઐયરે લખ્યું, "રેસ્ટ ઈઝી માય એન્જલ..." ઐયરની પોસ્ટમાં ચાહકો પણ ભાવુક દેખાયા. પંજાબ કિંગ્સે કોમેન્ટ બોક્સમાં "રેસ્ટ ઈન પીસ" પણ લખ્યું. શ્રેયસ ઐયરે ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકે છે. એશિયા કપમાંથી તેની બાદબાકીએ પસંદગીકારો પર પ્રશ્નો ઉભા કર્યા. જો કે, ત્યારબાદ બીસીસીઆઈએ ઐયરને કેપ્ટનશીપ સોંપી છે. ઓસ્ટ્રેલિયા એ સામે બે મલ્ટી-ડે મેચ અને ત્રણ વનડે મેચ રમશે. બીસીસીઆઈએ મલ્ટી-ડે મેચ માટે શ્રેયસ ઐયરને ઈન્ડિયા એનો કેપ્ટન બનાવ્યો છે.*

# યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પે બ્રિટનની તેમની અભૂતપૂર્વ બીજી રાજ્ય મુલાકાત ઔપચારિક રીતે શરૂ કરી

### જીવંત સ્મૃતિમાં રાજ્ય મુલાકાત માટે આ સૌથી મોટું લશ્કરી ઔપચારિક સ્વાગત હશેઃ બ્રિટન



વોશિંગટન,

યુ.એસ.ના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે બ્રિટનની તેમની અભૂતપૂર્વ બીજી રાજ્ય મુલાકાતની ઔપચારિક શરૂઆત શાહી ભવ્યતા સાથે કરશે, જેમાં મુખ્ય રાજદ્વારી વાટાઘાટોનો ભવ્ય સમાવેશ થાય છે, અને જેફરી એપ્સ્ટેઇન વિશેના મુશ્કેલ પ્રશ્નો પણ બાકી રહે છે.

રાજા ચાર્લ્સ અને રાજવી પરિવાર રાષ્ટ્રપતિ માટે લાલ જાજમ પાથરશે, જે વિશ્વનો સૌથી જૂનો અને સૌથી મોટો વસાહતી કિલ્લો છે અને લગભગ ૧,૦૦૦ વર્ષથી બ્રિટિશ રાજાઓનું ઘર છે, જેમાં ગાડીની સરઘસ, બંદૂકોની સલામી, લશ્કરી ફ્લાયપાસ્ટ અને ભવ્ય ભોજન સમારંભનો સમાવેશ થશે.બ્રિટન કહે છે કે તે જીવંત સ્મૃતિમાં રાજ્ય મુલાકાત માટેનું સૌથી મોટું લશ્કરી ઔપચારિક સ્વાગત હશે.

ટ્રમ્પ, એક ખુલ્લા શાહી ચાહક, માત્ર પ્રથમ યુએસ નેતા જ નહીં પરંતુ બ્રિટિશ રાજા દ્વારા બે મુલાકાતો માટે આમંત્રિત કરાયેલા પ્રથમ ચૂંટાયેલા રાજકારણી હોવાનો પોતાનો આનંદ ગુપ્ત રાખ્યો છે.

×આઈ લવ કિંગ ચાર્લ્સ,× તેમણે ફેબ્રુઆરીમાં તેમના ટ્રૂથ સોશિયલ એકાઉન્ટ પર પોઝ આપ્યો હતો.

યુકેની મુલાકાત ખાસ સંબંધોને મજબૂત બનાવશે તેવી આશા છે

વડાપ્રધાન કીર સ્ટાર્મર આ ભાવનાનો ઉપયોગ બ્રિટનના ફાયદા માટે કરવાની આશા રાખી રહ્યા છે કારણ કે તેમની સરકાર આ પ્રવાસનો ઉપયોગ બંને દેશોના ×ખાસ સંબંધો× ને મજબૂત બનાવવા, આર્થિક સંબંધોને ગાઢ બનાવવા, અબજો ડોલરનું રોકાણ સુરક્ષિત કરવા, ટેરિફ પર ચર્ચા કરવા અને યુક્રેન પર યુએસ પ્રમુખ પર દબાણ લાવવા માટે કરવા માંગે છે.

ગુગલ જેવી કંપનીઓ તરફથી પહેલાથી જ મોટી જાહેરાતો અને પરમાણુ ઉર્જા પરના કરારો થઈ ચૂક્યા છે.

મૂળભૂત રીતે હું વેપાર પર પણ છું. તેઓ જોવા માંગે છે કે શું તેઓ વેપાર સોદાને થોડો સુધારી શકે છે. અમે એક સોદો કર્યો છે, અને તે એક મહાન સોદો છે. અને હું તેમને મદદ કરવા માંગુ છું,'' ટ્રમ્પે મંગળવારે વ્હાઇટ હાઉસથી બ્રિટન જતા સમયે કહ્યું.

તેઓ જોવા માંગે છે કે શું તેઓ થોડો સારો સોદો મેળવી શકે છે, તેથી અમે તેમની સાથે વાત કરીશું.

સ્ટાર્મરના પ્રવક્તાએ રાજ્ય મુલાકાતને ×વૈશ્વિક સ્થિરતા અને સુરક્ષા માટે નિર્ણાયક સમયે× આવનારી ×ઐતિહાસિક તક× તરીકે વર્ણવી છે.

ટ્રમ્પ પેજેન્ટ્રીથી ચકિત થશે

બુધવારે સમારોહનું પ્રભુત્વ રહેશે. ટ્રમ્પ અને તેમની પત્ની મેલાનિયાનું સ્વાગત સૌપ્રથમ રાજાના ×ખૂબ જ સુંદર× પુત્ર પ્રિન્સ વિલિયમ - જેમ કે રાષ્ટ્રપતિએ તેમને બોલાવ્યા છે - અને વારસદારની પત્ની કેટ કરશે.

ચાર્લ્સ અને તેમની પત્ની ક્વીન કેમિલા ત્યારબાદ કિલ્લાના મેદાનમાંથી એક ગાડી શોભાયાત્રામાં ટ્રમ્પ સાથે જોડાશે, જેના માર્ગ પર ૧,૩૦૦ બ્રિટિશ સેવા કર્મચારીઓ હશે.

ટ્રમ્પ સેન્ટ જ્યોર્જ ચેપલની મુલાકાત લે તે પહેલાં, રાજવી પરિવાર રાષ્ટ્રપતિ અને પ્રથમ મહિલાને રોયલ કલેક્શનમાંથી યુ.એસ. સંબંધિત ઐતિહાસિક વસ્તુઓ બતાવશે, જે રાણી એલિઝાબેથના અંતિમ વિશ્રામ સ્થળ છે, જેમણે ૨૦૧૯ માં ટ્રમ્પને તેમની પ્રથમ રાજ્ય મુલાકાત માટે આયોજિત કર્યા હતા, જ્યાં તેઓ તેમની કબર પર પુષ્પાંજલિ અર્પણ કરશે.

બાદમાં રાજ્ય ભોજન સમારંભ પહેલાં લશ્કરી વિમાનો દ્વારા ફ્લાયપાસ્ટ કરવામાં આવશે જ્યાં રાજા અને રાષ્ટ્રપતિ ભાષણ આપશે.

સુરક્ષા કડક રહેશે, વિન્ડસરમાં વિશાળ પોલીસ કામગીરી સાથે જ્યારે ×સ્ટોપ ધ ટ્રમ્પ કોએલિશન× દ્વારા વિરોધનો સામનો કરવા માટે લંડનમાં ૧,૬૦૦ અધિકારીઓ તૈનાત કરવામાં આવશે.

ચાર્લ્સ માટે, આ મુલાકાત મિશ્ર લાગણીઓ ઉશ્કેરી શકે છે. ટ્રમ્પ સાથે તેમની સ્પષ્ટ રીતે બહુ ઓછી સામ્યતા છે, ૫૦ વર્ષથી પર્યાવરણીય કાર્યોને સમર્થન આપવાથી લઈને, ધર્મો વચ્ચે સુમેળ લાવવાનો પ્રયાસ કરવા સુધી, કેનેડા જ્યાં તેઓ રાજ્યના વડા છે તેના તાજેતરના અડગ સમર્થન સુધી.

પરંતુ આ પ્રસંગ તેમના રાજ્યાભિષેક પછી તેમને સૌથી વધુ વૈશ્વિક ધ્યાન પણ આપશે.×મને નથી લાગતું કે કોઈ પણ ગંભીરતાથી એવો દાવો કરી શકે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને રાજા ચાર્લ્સ ત્રીજા ખરેખર કોઈપણ બાબતમાં તેમના મંતવ્યોમાં સ્વાભાવિક રીતે એકરૂપ છે. અને છતાં રાજા પાસેથી સંપૂર્ણ વ્યાવસાયિક ભૂમિકા ભજવવાની અપેક્ષા રાખે છે,× ઇતિહાસકાર એન્થોની સેલ્ડને કહ્યું.

×જો બધું બરાબર રહ્યું તો... મને લાગે છે કે આ તેમના શાસનકાળની સૌથી મહત્વપૂર્ણ ઘટના તરીકે નીચે જશે.×

ગુરુવારે, કાર્યવાહી સ્ટાર્મરના ચેકર્સ દેશના નિવાસસ્થાને જશે જ્યાં ધ્યાન ભૌગોલિક રાજનીતિ પર રહેશે.

વડાપ્રધાન આશા રાખશે કે શાહી ચમક બ્રિટનમાં વાણી સ્વતંત્રતા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરશે, જેની યુએસ વહીવટીતંત્રની અંદરના લોકો દ્વારા ટીકા કરવામાં આવી છે, અથવા વોશિંગ્ટનમાં યુકે રાજદૂત તરીકે પીટર મેન્ડેલસનને બરતરફ કરવાથી થતા પરિણામો.મેન્ડેલસનને દોષિત જાતીય ગુનેગાર એપ્સટિન સાથેના સંબંધો બદલ બરતરફ કરવામાં આવ્યો હતો, અને તે સ્ટારમર અને ટ્રમ્પ માટે અણઘડ પ્રશ્નો ઉભા કરી શકે છે, જેમના ફાઇનાન્સર સાથેના પોતાના સંબંધો પણ તપાસ હેઠળ આવ્યા છે.

## સગીરાઓના ફોટા વાયરલ કરી અભદ્ર લખાણ લખનાર આરોપીને ત્રણ વર્ષની કેદ

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના માણસામાં અઢી વર્ષ અગાઉ બે સગીરા અને એક યુવતીના ફોટા વોટ્સએપ ગ્પમાં મૂકીને તેમાં અભદ્ર લખાણ લખનાર આરોપી સામે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટ દ્વારા આરોપીને ત્રણ વર્ષની કેદ અને એક લાખ રૂપિયાનો દંડ ભરવા હુકમ કરવામાં આવ્યો હતો.આ કેસની મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં આવેલા માણસા તાલુકાના બોરપુરા ગામમાં રહેતા આરોપી રાહુલસિંહ શિવુસિંહ રાઠોડ દ્વારા એક વોટ્સએપ ગ્પ બનાવવામાં આવ્યું હતું અને આ ગ્પમાં લખાણ લખી ગામની બે સગીરા તેમજ એક યુવતીના ફોટા મુક્યા હતા અને તેના નીચે અભદ્ર લખાણ લખવામાં આવ્યું હતું. જે સંદર્ભે સગીરાના પરિવારજનોને જાણ થતાં હેબતાઈ ગયા હતા. જેથી આ અંગે આરોપી યુવાન સામે માણસા પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા તપાસ કરીને કેસનું ચાર્જશીટ ગાંધીનગરની પોક્સો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. બીજા એડિશનલ સેશન્સ જજ જે. એન. ઠક્કરની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ સુનિલ એસ. પંડયા દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચાર્યો છે. ત્રણ દીકરીઓના ફોટા અને બિભત્સ લખાણ લખી ગ્પમાં મૂકીને તેમને બદનામ કરવામાં આવી છે. જેથી આવા કેસમાં આરોપીને છોડી શકાય નહીં. કોર્ટ દ્વારા તેને સખતમાં સખત સજા કરવી જોઈએ. સમાજમાં આ પ્રકારની ઘટનાઓ વધી રહી છે જેને અટકાવવા માટે કાયદામાં દર્શાવેલી પૂરેપૂરી સજા આરોપીને કરવામાં આવે જોકે કોર્ટ દ્વારા આ દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી રાહુલસિંહ શિવુસિંહ રાઠોડને ત્રણ વર્ષની સાદી કેદની સજા અને એક લાખ રૂપિયાનો દંડ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ભોગ બનનાર બંને સગીરાઓને એક લાખ રૂપિયા તેમજ યુવતીને ૫૦ હજાર વળતર પેટે ચૂકવી આપવા માટે હુકમ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 215.**
વિષય : '' આચાર વિચાર "
શીર્ષક : " ના નકલી મોહરા રાખો "
પ્રકાર :- પદ્ય  શબ્દો:- ૬૦.

આચાર વિચારો, સાફ સુથરા રાખો,
ચરણોને  ટેકવીને, કાયમ ધરા રાખો.

વાણી નિખાલસ, વહેવારે શાલિનતા,
હૃદયમાં મૃદુતા, સંબંધોમાં સહેજતા,

જીવનમાં ખૂબ ઓછા, નખરા રાખો,
આચાર વિચારો, સાફ સુથરા રાખો.

વદન પર સ્મિત પ્રાણી માત્ર પર પ્રીત,
કાર્યો એવા કરો સૌનું સચવાય હીત,

ચહેરે ચડાવી ના નકલી મોહરા રાખો,
આચાર  વિચારો, સાફ સુથરા રાખો.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★

**NOG SS NO :182**
વિષયઃ આચાર વિચાર
શીર્ષકઃ સદાચાર લાગશે
પ્રકારઃ પદ્ય  શબ્દોઃ ૬૮

ના માનશો કે પ્રીત ગળે હાર લાગશે,
બૂઝી ગયા પછી ય એ અંગાર લાગશે.

હસતા મુખે જો સહી શકો તો ચાલો આગ પર,
જો આહ નીકળે તો એ ચિત્કાર લાગશે.

આવી ઊભા તમે તો પ્રણયની મજાર પર,
રડશો પ્રસંગ જોઈ  સદાચાર લાગશે.

ભીની થયેલ આંખ ને જોકરનો મુખવટો,
ઉતરી જશે તો એ જ કલાકાર  લાગશે.

નારી વિશે વિકારો હજારો હશે ને પણ,
જેવો હદયમાં ભાવ એ આકાર  લાગશે.

ઈશ્વરી ડૉક્ટર "ઈશ" અમદાવાદ

★★★★★★★

**NoG Ss No 205**
વિષય ..આચાર વિચાર
શીર્ષક..સંગ તેવો રંગ
પ્રકાર..પદ્યે
શબ્દ ..૧૦૦

અત્યારે કોઈ પણ માણસ નો
આચાર વિચાર
તેની રહન સહન તે કોના ભેગો રહે છે અને શુ કરે શે
તેની ઊપર આધાર રાખે છે
જે માણસ ની વિચારસરણી
હમેશા ઊચી હોય તે કદી
કયાય પાછો પડતો નથી
ભગવાને તમને આવો સરસ
મનુષ્ય અવતાર આપીયો હોય તો
હલકુ જોવુ હલકુ વિચારવુ અને હલકુ ખાવુ તમને કદી શોભતુ નથી
એક માણસ ના મોઢા માથી અમૃત હોય
તો એક ના મોઢા માથી વિષ
કોયલ અને કાગ નો રંગ તો એક જ છે પણ તેમની મીઠી બોલી ઊપર આધાર રાખે છે
અત્યાર નો માણસ તો બગલા
જેવો થય ગયો છે
રંગે રૂપાળો અને નમળો લાગ્રે
પણ તેની અંદર ની ભાવના
ખોટુ ખાવા ની અને ખોટુ કરવા ની
એટલે જ આ પથીક કહે શે કે
મન ના મેલા કરતા તમે તન ના મેલા સાથે ઊભા રહેવુ સારૂ
એટલે આપણા જુના ભજનો મા કહેવાળુ કે તન ઊજળા અને મન મેલા તેવા ની સંગત ન કરી ભાઈ

કવિ શ્રી પથીક ઊરફે વિજયસિહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ

★★★★★★★

**NOG SS NO - 162**
વિષય- આચાર વિચાર
શીર્ષંક- દર્પંણ બતાવે આચાર વિચાર
પ્રકાર- પધ , શબ્દ -૫૫

"માનવ જીવન મા સારા આચાર વિચાર થી જ સારું જીવન જીવી શકાય
" રુપ રંગ કે સારા દેખાવ નુ કોઈ મૂલ્ય નથી જો ના હોય સારા આચાર વિચાર તો
" વિનય વિવેક અને નમ્રતા જેવા ગુણો થી જ આચાર વિચાર મા વૃદ્ધિ આવે છે
" ઓળખ આપવા ની જરૂર નથી હોતી સુરજ ના આપો આપ અજવાળા
થાય છે
"જીવન માં દર્પંણ ,આયનો સારા આચાર વિચાર નો પ્રકાશ પાથરે છે જરુર
" સારા ગુણ એજ માણસ ની જીવનભર ની પૂંજી હમેશા સાથે રહે છે
" સારા આચાર વિચાર એજ માણસ ના જીવન  ભરનુ  ઘરેણું બની રહે છે કાયમપ

- રેખા રસિક નાકરાણી મુંબઈ

★★★★★★★

**NOG SS 321**
વિષય. આચાર વિચાર
શીર્ષક. સકારાત્મકતા
પ્રકાર . ગદ્ય. શબ્દ ૧૯૧

ઘણીવાર માણસ જેવું વિચારે એવું જ આચરણ કરતો થઈ જાય એટલે આમ જોવા જઈએ તો એ કહેવત બિલકુલ સાચી છે "જેવા વિચાર, તેવા  આચાર".

આપણા પૂર્વજો અને ઋષિ-મુનિઓ હંમેશાં કહેતા આવ્યા છે કે વિચાર હંમેશાં સકારાત્મક અને શુદ્ધ રાખવા જોઈએ, જેથી જીવનમાં પણ સકારાત્મકતા આવે.

વિચાર એ બીજ સમાન છે. જેવું બીજ વાવશો તેવું જ ફળ મળશે. જો મનમાં નકારાત્મક વિચારોનું બીજ વાવશો તો જીવનમાં અશાંતિ, નિરાશા અને મુશ્કેલીઓ નું ઝાડ ઉગશે. પરંતુ જો મનમાં શ્રદ્ધા, આશા, પ્રેમ, કરુણા અને સદભાવના જેવા સકારાત્મક વિચારો વાવશો તો જીવન સુખમય, શાંતિમય અને સફળ બની જશે.

મનુષ્યનું મન ચંચળ છે, તે એક પળમાં દસ દિશામાં દોડી શકે છે. આવા મનને સંયમમાં રાખવા માટે ધ્યાન, સારા સાહિત્યનું વાંચન, સજ્જનોની સંગત અને સારા કાર્યોમાં જોડાવું જરૂરી છે.


કહેવાય છે ક "વિચારોથી જ વ્યક્તિનું વ્યક્તિત્વ ઘડાય છે". મનમાં ઊંચા વિચારો હશે તો જીવનમાં ઊંચાઈઓ પ્રાપ્ત થશે, અને જો મન નબળાઈથી ભરેલું હશે તો પ્રગતિનો માર્ગ મુશ્કેલ બની જશે.

અંતે એટલું જ કહી શકાય કે વિચાર એ જ આપણા જીવનનો આધાર છે. શુદ્ધ અને સકારાત્મક વિચારોથી જ માણસનું જીવન પ્રકાશમય અને સંતોષપૂર્ણ બની શકે છે.

સુચિતા રાવલ

# સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લાના ૧૦૧ આયુષ્માન આરોગ્ય મંદિરના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સીએચઓ નિક્ષય મિત્ર બન્યા ટીબીના જરૂરિયાત મંદ દર્દીઓને પોષણ કીટ વિતરણ કરવામાં આવી







મોડાસા

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તે સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લાના ૧૦૧ સીએચસીઓ શ્રી દ્વારા ટીબીના જરૂરિયાત મંદ દર્દીઓ માટે પોષણ ક્ષમ કીટ વિતરણ કરી આરોગ્ય પ્રતિ સમાજની સેવા દર્શાવી

જિલ્લાના ૧૦૧ આયુષ્માન આરોગ્ય મંદિરના કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સીએચ ઓ  નિક્ષય મિત્ર બની જરૂરિયાત મંદ પીવી દર્દીઓને પોષણ કીટનું વિતરણ કર્યું આ પોષણ કીટમાં દર્દીઓના દૈનિક આહાર માટે અનાજ દાળ ગોળ તેલ ખજૂર અને ચણા જેવી જરૂરી પોષક તત્વોનો સમાવેશ થાય છે આ પહેલનો મુખ્ય ઉદ્દેશ દર્દીઓને માત્ર પોષણ સહાય પૂરી પાડવાનો નહીં પરંતુ તેમને રોગ સામે લડવા માટે શારીરિક રીતે મજબૂત બનાવવાનો પણ છે

આ કાર્યક્રમ આગામી છ મહિના સુધી ચાલુ રહેશે જેમાં દર મહિને દર્દીઓને આ પોષણ કીટ આપવામાં આવશે આ પહેલથી ગ્રામીણ સ્તરે રહેલા લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ પણ ફેલાઈ છે જે સરકારના ટીબી મુક્ત ભારત અભિયાનને વધુ વેગ આપશે

અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લાના ૧૦૧ સીએચસીઓ શ્રી દ્વારા ખોટા ખર્ચા ને તલાજલી આપી છેવાડાના જરૂરીયાત મંદ વ્યક્તિઓ સુધી પહોંચાડવાની પહેલ કરી છે ટીવીના દર્દીઓને નિયમિત પૌષ્ટિક આહાર આહાર માટે પોષણ કીટ આપી આપણું યોગદાન આપીએ સેવા કાર્ય માટે આગળ આવીએ નિશ્ચય મિત્ર બની સામાજિક જવાબદારી નિભાવીએ નિયમિત અને પુરા સમયની સારવાર અને પોષણ થકી ટીબી મટી શકે છે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડોક્ટર જયેશભાઈ પરમાર અને ડોક્ટર આશિષ નાયક જિલ્લા ક્ષય અધિકારી શ્રી દ્વારા આ મહત્વપૂર્ણ પહેલને લોકો સુધી પહોંચાડવા અને આરોગ્ય સેવાઓમાં સામાજિક સહયોગમાં વધારો કરવા અપીલ કરવામાં આવી સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન દરમિયાન આપ પણ નુકસાન મિત્ર બની ટીબીના દર્દીને પોષણ સહાય આપી આપનું યોગદાન આપી શકો છો

# અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય અંડકત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત દ્રષ્ટિ ચકાસણી કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લામાં રાષ્ટ્રીય સંગતત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કરવા માટે અંતર્ગત ૪૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકોની દ્રષ્ટિ ચકાસણી કામગીરી હાથ ધરવામાં આવી આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શરૂઆતના તબક્કામાં આંખની તકલીફો તેમજ અંધત્વ માટે જવાબદાર અને નિવારી શકાય તેવા તમામ કારણોનું નિદાન કરી જરૂરી સારવાર સુનિશ્ચિત કરવામાં આવી



આથી અંધત્વનો દર ઘટે તેમ જ દરેક નાગરિકોને સમયસર અને ગુણવત્તા સભર આંખની સેવાઓ ઉપલબ્ધ થાય

આગામી તારીખ ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ સુધી આશા બહેનો અને કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા ૪૦ વર્ષ કે તેથી વધુ હોય ધરાવતા નાગરિકોની પ્રાથમિક દ્રષ્ટિ ચકાસણી કરવામાં આવશે તપાસ દરમિયાન જો મોતિયો જામર ડાયાબિટીસ રેતી નો પેથી વહી સંબંધિત વેક્યુલર ડીજીનેશન ઓફ ની લાલાશ દૂર કરે નજીક જોવા તકલીફ રાશી તેમજ અન્ય અગ્નિ બીમારીઓ ખામીઓ જણાશે તો દર્દીઓને આગળની સારવાર માટે ફળ કરવામાં આવશે આવા દર્દીઓની તારીખ ૧૫ ઓક્ટોબર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ઓર્થોપેડિક આસિસ્ટન્ટ તથા ઓથોપેડિક સર્જન દ્વારા વધુ તપાસ અને સારવાર કરવામાં આવશે



અરવલ્લી વ્યાજખરોનો ભોગ બનનાર મહિલાની મદદથી અરવલ્લી પોલીસ વ્યાજખોરોના ચક્કરમાં ફસાઈ જામીન તરીકે મુકાયેલ મકાન પર ગેરકાયદેસરમાં કબજો થઈ ગયો હતો ભોગ બનનારની ફરિયાદ પર અરવલ્લી જિલ્લા પોલીસની તપાસ શરૂ થઈ અને અસલ હકદારની ઓળખ કરવામાં આવી અને પુનઃ મકાનની પ્રાપ્તિ કરાવી પોલીસની માર્ગદર્શિકા અને દસ્તાવેજી કાર્યવાહી દ્વારા ભોગ બનનારને મકાન પુનઃ પ્રાપ્ત કરવામાં જરૂરી કાગળ તૈયાર કરવામાં આવ્યા તાત્કાલિક પગલાં અને કાયદેસરની કાર્યવાહી ભોગ

# ભારે વરસાદ બાદ બનાસકાંઠામાં રસ્તાઓની તાત્કાલિક મરામત કામગીરી શરૂ



બનાસકાંઠા જિલ્લામાં તા. ૦૬/૦૯/૨૫ તથા ૦૭/૦૯/૨૦૨૫ થી પડેલા ભારે વરસાદને કારણે અનેક સ્થળોએ રસ્તાઓને થયેલી ક્ષતિને પગલે માર્ગ અને મકાન રાજ્ય વિભાગ પાલનપુર હસ્તકના માર્ગોની તાત્કાલિક મરામત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ક્ષતિગ્રસ્ત થયેલ રોડ-રસ્તાઓ જાહેર નાગરિકોની અવરજવર માટે મુશ્કેલીરૂપ ન બને તે માટે રાજ્ય સરકારશ્રીના સૂચનાનુસાર બનાસકાંઠા જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ રાજયના કાર્યપાલક ઈજનેર શ્રી અંકિત ચૌધરીના નેતૃત્વમાં ૧૪ ટીમોને કાર્યરત કરવામાં આવી છે. વરસાદી વિરામ બાદ ડામર પ્લાન્ટ શરૂ કરીને નીચે મુજબ માર્ગો ઉપર રીસરફેસીંગની કામગીરી હાથ ધરાઈ છે.

(૧) ચંડીસર – દાંતીવાડા રસ્તો કીમી ૦/૦ થી ૧૫/૦૫૦ (૨) એન.એચ. થી વરસડા – તેરવાડા – દિયોદર રસ્તો કીમી ૦/૦ થી ૨૧/૭૬૦ (૩) શિહોરી – દિયોદર રસ્તો કીમી ૦/૦ થી ૯/૬૦૦(૪) દેતાલ –ભીમગઢ – તરૂઆ રસ્તો કીમી ૦/૦ થી ૧૭/૫૫૦

મેટલ પેચ વર્ક:

(૧) માવસરી સુઇગામ કી.મી. ૦/૦ થી ૫૩/૦(૨) ઢીમા થી ટડાવ રોડ કીમી ૦/૦ થી ૧૬/૬૩૦(૩) ઊંચોસણ એટા કોતરવાડા રોડ કીમી ૦/૦ થી ૨૪/૭૦૦

તેમજ થરાદ, વાવ, સુઇગામ અને ભાભર તાલુકામાં ભારે વરસાદને કારણે બંધ થયેલ નીચે મુજબના રસ્તાઓ પર રેઈન કટ રીપેરીંગ, માટીકામ અને પાઈપ ડ્રેઈન રીપેરીંગ કરીને માર્ગોને ટ્રાફિક માટે કાર્યરત કરવામાં આવ્યા છે:

(૧) ઢીમા - થરાદ રોડ કિ.મી. ૦/૦ થી ૧૨/૪૦૦ (૨) વાવ ઢીમા રોડ કીમી ૦/૦ થી ૩૨/૦ (૩) વાવ - ભાભર રસ્તો કીમી ૦/૦ થી ૩૨/૦ (૪) રાધનપુર - લોદ્રા - મોરવાડા રસ્તો કીમી ૨૫/૦ થી ૪૩/૮૭૭(૫) સુઇગામ - સિધાડા રસ્તો કીમી ૦/૦ થી ૨૦/૭૫૦(૬) બોરૂ-ધ્રેચાણા ૦/૦ થી ૫/૮૫૦(૭) લીમ્બુણી -કસ્ટમ રસ્તો કીમી ૦/૦ થી ૪/૬૮૦(૮) દિયોદર - જાડા - કોતરવાડા ધરાધરા - વાવ કીમી ૦/૦ થી ૩૧/૬૭૦(૯) સુઇગામ - જલોયા - નડાબેટ રસ્તો કીમી ૦/૦ થી ૧૯/૬૦૦(૧૦) વાવ - ભાખરી - સપ્રેડા રસ્તો ૦/૦ થી ૧૬/૩૦૦ (૧૧) પાડણ - ગોલપનસડા - જેલાણા રોડ કીમી ૦/૦ થી ૧૨/૯

જિલ્લાના થરાદ, વાવ, સુઇગામ અને ભાભર તાલુકાઓમાં સતત વરસાદ અને પાણી ભરાવાના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓને કારણે યાતાયાત પર આંશિક અસર થઈ હતી. વરસાદી વિરામ બાદ તંત્ર દ્વારા રસ્તાઓને ઝડપથી દુરસ્ત કરીને જાહેર જનતાને સરળ અને સલામત અવરજવર મળી રહે તેવા પ્રયાસો સતત ચાલી રહ્યા છે.

# હિંમતનગરમા "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત સ્વચ્છતા રેલી યોજાઇ




ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ને 'સ્વચ્છોત્સવ' તરીકે ઉજવવાનુ નક્કી કરવામા આવ્યુ છે જેના ભાગરૂપ તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તા.૨ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" પખવાડિયાની ઉજવણી કરવામા આવી રહી છે સાબરકાંઠા જિલ્લામા આ અભિયાન અંતર્ગત હિંમતનગર નગરપાલીકા દ્વારા ફેઈથ હાઈસ્કુલના સહયોગથી 'સ્વચ્છતા રેલી'નું આયોજન કરવામા આવ્યુ હતુ આ રેલી દ્વારા શાળાના બાળકોએ શહેરીજનોમા સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવા સ્વચ્છતાના સૂત્રોચ્ચાર કરવામા આવ્યો હતો આ ઉપરાંત જાહેરજનતાને શહેરમા સ્વચ્છતા જાળવવા પ્રત્યે અપીલ કરવામાં આવી હતી આ પ્રસંગે હિંમતનગર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીમતી યતીનાબેન મોદી, નગરપાલિકા સદસ્ય સુશ્રી જીનલબેન, હિંમતનગર સ્વચ્છતા એમ્બેસેડર, નગરપાલિકાના સભ્યો, નાગરિકો તથા નગરપાલિકા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસે

# મુડેટી સંસ્કૃત પાઠશાળામા લઘુરૂદ્ર મહાપૂજા અને હવન કાર્યક્ર્મ યોજાયો

### સવા લાખ મહા મૃત્યુંજય મંત્ર જાપ,



સાબરકાંઠાના ઈડર તાલુકાના મુડેટી સંસ્કૃત પાઠશાળા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે વિશાળ ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો તત્વજ્ઞાન યોગાશ્રમ ટ્રસ્ટ મુડેટી, ભોલેશ્વર સેવા સંઘ વસઈ તેમજ સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા દ્વારા આ કાર્યક્રમનુ આયોજન કરવામા આવ્યુ હતુ

આ કાર્યક્રમ અંતર્ગત સવા લાખ મહા મૃત્યુંજય મંત્ર જાપ, દશાંશ હવન અને લઘુરૂદ્ર મહાપૂજા વિધિપૂર્વક કરવામા આવી મુડેટી સરપંચ દિનેશભાઈ, અશોકભાઈ દેસાઈ વસઈ, રાકેશભાઈ જોશી તેમજ ગામના આગેવાનો અને યુવાનોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો સાંસદ શ્રીમતી શોભનાબેન બારૈયા અને મહેન્દ્રસિંહ બારૈયાએ યજ્ઞ પુર્ણાહુતી કરી સંસ્કૃત પાઠશાળાના બાળકો અને શિક્ષકોનો આભાર માન્યો હતો

આ પ્રસંગે સાંસદ શોભનાબેન બારૈયા, જીલ્લા અગ્રણી કનુભાઈ પટેલ, પ્રેમલભાઈ દેસાઈ, દિનેશભાઈ પટેલ, સાબરડેરી ડિરેક્ટર અશોકભાઈ પટેલ, સરપંચ ભાવેશભાઈ, આગેવાનો તથા ગ્રામજનો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

# ભાભર તાલુકામાં આંગણવાડી ખાતે પોષણ માહ ની ઉજવણી કરવામાં આવી



આજ રોજ ૮ મો રાષ્ટ્રીય પોષણ માહ અંતર્ગત વિવિધ કાર્યક્રમ ઉજવણીના ભાગરૂપે આઇસીડીએસ ઘટક ભાભર ના રૂની સેજામાં વાનગી સ્પર્ધા તેમજ તેતરવા સેજાના આંગણવાડી કેન્દ્ર ૧૦ ખાતે મમતા દિવસ ની ઉજવણી કરવામાં આવી વાનગી સ્પર્ધામાં ટીએચઆર માંથી તેમજ મિલીટ માંથી વિવિધ પ્રકારની વાનગીઓ બનાવવામાં આવેલ હતી જેમાં એક થી ત્રણ નંબર આપવામાં આવ્યા. મમતા દિવસ હોવાથી સગર્ભા, ધાત્રી અને બાળકોને રસીકરણ કરવામાં આવ્યું અને હેલ્થ ચેક અપ કરવામાં આવ્યું .આ પ્રોગ્રામમાં આઇસીડીએસ ઘટક ભાભરના સીડીપીઓ શ્રી હંસાબેન પંડ્યા , નીતિન ભાઈ બૌદ્ધ વિસ્તરણ અધિકારી પંચાયત આંકડા મદદનીસ ભાનુભાઈ પંડ્યા,જયેશભાઈ માસ્ટર એસો,મહેશભાઈ સુવાતર વિસ્તરણ અધિકારી IRD, મુકેશ ડીની, ઝઈઝ એન.એન.એમ બ્લોક કોર્ડીનેટર કિશનભાઈ વાઘેલા, પી.એસ.ઈ ઈન્સ્ટ્રક્ટર સંગીતાબેન આસલ તેમજ કાર્યકર બહેનો અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા. સીડીપીઓ બેન લાભાર્થીઓને પોષણમાં અંતર્ગત સમજ આપવામાં આવી આ કાર્યક્રમમાં આંગણવાડી કેન્દ્ર નંબર ૩. ૧૦. ૧૧. અને ૨૧ ની કાર્યકર બહેનો દ્વારા પોષણ માહ ની ઉજવણી કરવામાં આવી.

# શ્રી હિંમત હાઈસ્કૂલ, હિંમતનગર દ્વારા સ્વચ્છતા રેલી યોજાઇ




આચાર્ય સુરેશભાઈ પટેલના માર્ગદર્શન નીચે શાળામા અભ્યાસ કરતી એનએસએસની વિદ્યાર્થીનીઓ દ્વારા ×સ્વચ્છતા હી સેવા × અંતર્ગત સ્વચ્છતા રેલી યોજાઇ જેમા શાળાના બેનર અને પ્લે કાર્ડ સાથે સૂત્રોચાર કરી સ્ટેશન રોડ વિસ્તારમા રેલી કાઢીને લોકોમા સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો આ કાર્યક્રમમા સુપરવાઈઝર એસ. કે. મનાત, પી.જે.મહેતા, સિનિયર શિક્ષક સી.આર.પટેલ, એનએસએસ ઓફિસર ડો. ધવલભાઈ પટેલ, બી.એ. નીનામા તેમજ પ્રાથમિક વિભાગમાથી શશીકાંતભાઈ સોલંકી રેલીમા જોડાયા અંતમા સ્વચ્છતા અંગે બધા જ શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી હતી

### મોડાસા ગ્રામ્ય પોલીસને

# નશાકારક પોષડોડાનો જથ્થો જપ્ત કરવામાં સફળતા મળી...



અરવલ્લી જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા ની નશાકારક વસ્તુઓની હેરાફેરીમાં જીરો ટોલરન્સ નીતિથી જિલ્લાનું પોલીસતંત્ર વધુ સજાગ બન્યું છે ગાજણ ટોલનાકા નજીક મોડાસા ગ્રામ્ય વિસ્તાર પીઆઇ કેડી ગોહિલ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં વાહન ચેકિંગ કરી રહેલા હતા ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી લક્ઝરી બસની તલાસી લેતા લક્ઝરીમાં બેસેલા એક મુસાફર પાસેની ટ્રોલી બેગમાંથી પોષ ડોડાનો પાવડરનો જથ્થો મળી આવ્યો હતો. રૂરલ પોલીસે ?૪૦,૭૭૩/ ની કિંમતના ૧૩ કિલો ૫૯૧ ગ્રામનો પોષડોડાનો પાવડર જપ્ત કરી ૫૦૦૦ / રૂપિયાના મોબાઈલ અને રોકડ રૂપિયા ૧૦ હજાર મળી કુલ રૂ ૪૬,૮૮૩/ નો મુદામાલજપ્ત કર્યો હતો ઝડપાઈ ગયેલા આરોપી લલિત ઉદયલાલ રાવતમુ નવાનિયા તા વલ્લભનગર ઉદેપુરની એનડીપીએસ એકટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરીહતી

### ભારત સ્કાઉટ ગાઇડ સંઘ સાબરકાંઠા અરવલ્લી દ્વારા

# નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ



ભારતના યશસ્વી તેમજ ખૂબ લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસની ઉજવણી અંતર્ગત તેમજ વ્યસન મુક્ત ગુજરાત અભિયાન હેઠળ ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાબરકાંઠા અરવલ્લી દ્વારા શ્રી એન.જી.જોષી હાઈસ્કૂલ રાયગઢ ખાતે ચિત્ર સ્પર્ધાનુ આયોજન કરવામા આવેલ હતુ આ કાર્યક્રમમા મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહમંત્રી તેમજ વર્તમાન ગુજરાત રાજ્ય ભાજપ જનતા પાર્ટીના મહામંત્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ કાર્યક્રમમા શામળાજી સિવિલ હોસ્પિટલના પ્રશાસક કપિલભાઈ વ્યાસ, રાષ્ટ્રપતિ સ્કાઉટ કુણાલભાઈ દીક્ષિત, પ્રાંત સહ સંપર્ક પ્રમુખ ઘીમંતભાઈ ભટ્ટ, તેમજ સાબરકાંઠા સ્કાઉટ ગાઈડ ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિત, રાયગઢ હાઈસ્કુલના શ્રી રાયગઢ કેળવણી મંડળના પ્રમુખ વી.ડી.પટેલ, મંત્રી ચૈતન્યભાઈ ભટ્ટ, આચાર્ય આઈ. ડી. ભરવાડ તેમજ શાળાના તમામ સ્ટાફ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા રજનીભાઈ પટેલનુ અભિવાદન સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓ દ્વારા સ્કાઉટ સેલ્યુટ આપી કરવામા આવ્યુ હતુ સ્કાઉટ ગાઈડ ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિત દ્વારા કાર્યક્રમનો પરિચય આપવામા આવ્યો અને ત્યારબાદ તેઓએ સમગ્ર ચિત્ર સ્પર્ધામા ભાગ લીધેલ બાળકો દ્વારા દોરાયેલ ચિત્રો નિહાળ્યા અને આ કાર્યક્રમમા ઉપસ્થિત રહેનાર તમામ વિદ્યાર્થીઓને તેમને વ્યસન મુક્તિ અંતર્ગત પોતે વ્યસન મુક્ત રહેવુ, અન્યને વ્યસન કરતા રોકવુ, સ્વદેશી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો, પોતાના સ્વાસ્થ્ય અને સ્વચ્છતાનુ ધ્યાન રાખવુ જેવા સંકલ્પો લેવડાવ્યા સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શાળાના સુપરવાઈઝર પી. આર. પટેલ દ્વારા કરવામા આવ્યુ હતુ તેમજ સમગ્ર કાર્યક્રમ અને ચિત્ર સ્પર્ધાનુ આયોજન શાળાના સ્કાઉટ ગાઈડ વિભાગના સ્કાઉટ માસ્ટર મહોબ્બત સોલંકી તેમજ ગાઈડ કેપ્ટન અને જિલ્લા ગાઈડ ઓર્ગેનાઈઝર શ્રીમતી અલકાબેન પટેલ દ્વારા કરવામા આવ્યુ હતુ

# ઈડરના જાદર ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમદાન થકી સફાઈ કરાઈ




સાબરકાંઠા જિલ્લામા સ્વચ્છ ભારત મિશનના ૧૧ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ ×સ્વચ્છોત્સવ× નિમિત્તે ઈડર તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ તેમજ તાલુકા વિકાસ અધિકારી ભરતભાઈ ચૌધરીની ઉપસ્થિતિમા ×સ્વચ્છતા હી સેવા× કાર્યક્રમ અંતર્ગત ઈડરના જાદર ગામે મેળાના મેદાનમા સફાઈ કરવામા આવી હતી જાદર ખાતે સફાઈ કરી સ્વચ્છ ભારત અભિયાનમા યોગદાન આપીને ભારતને વધુને વધુ સ્વચ્છ બનાવવા તાલુકા પંચાયત પ્રમુખશ્રી તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ આહ્વાન કર્યું હતુ આ સાથે જ સ્વચ્છતાને દૈનિક જીવનનો ભાગ બનાવી સ્વચ્છતા જાળવવા માટે પણ ઉપસ્થિત સૌ કોઈને અપીલ કરી હતી આ કાર્યક્રમમા સફાઈ કર્મીઓનુ સન્માન કરવામા આવ્યુ હતુ આ કાર્યક્રમમા શિક્ષણ સમિતિના ચેરમેન હિમાંશુભાઈ નીનામા, તાલુકા સદસ્ય વસંતભાઈ પટેલ, અંજના બારૈયા સરપંચ જાદર, તલાટી છાયાબેન પટેલ, તાલુકા પંચાયત સ્ટાફ તથા ગામના આગેવાનો, જાદર હાઈસ્કુલના વિદ્યાર્થીઓ, સફાઈ કામદારો તથા એસબીએમ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો

### ભિલોડા તાલુકા ભાજપ સંગઠન દ્વારા

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નિમિત્તે અનેકવિધ કાર્યક્રમો યોજાયા



ગુજરાત રાજયના પનોતા પુત્ર અને ભારત દેશના લોકપ્રિય વડા પ્રધાન, વૈશ્વિક રાજકીય નેતા નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસ નિમિતે ×સેવા પખવાડિયા× અંતર્ગત ભિલોડામાં શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં જળાભિષેક, પુજન અર્ચન, આરતી અને પ્રાર્થના નો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.કિશનગઢ ગામના શિવજીના મંદિરમાં પુજન, અર્ચન અભિષેક અને પ્રાર્થના કરી હતી.ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ પરીસરમાં સફાઈ અભિયાનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

ભિલોડા તાલુકા વિકાસ અધિકારી ચિંતનભાઈ પટેલ, ભિલોડા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી કૃપાબેન પટેલ, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ ધનજીભાઈ નિનામા, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ મનોજભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન ઉપ પ્રમુખ રાજેશભાઈ નિનામા, અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય રસીકાબેન ખરાડી, ભિલોડા તાલુકા પંચાયત, ન્યાય સમિતિ ચેરમેન લક્ષ્મીબેન ગામેતી, ભિલોડા ગ્રામ પંચાયત, સરપંચ - મુકેશભાઈ ત્રિવેદી, વાંસળી ગ્રૃપ ગ્રામ પંચાયત, સરપંચ - નટુભાઈ ગામેતી, ડો. રાકેશકુમાર બોડાત, શૈલેષભાઈ કોટવાલ, દેવાંગકુમાર બારોટ, ભરતભાઈ ઠાકોર, યોગેશભાઈ બુદ્ધ, અમરતભાઈ નિનામા, ચેતનસિંહ કચ્છાવા, રામઅવતાર શર્મા, મુકેશભાઈ મહેતા, કલ્પેશભાઈ ચૌહાણ સહિત ભિલોડા તાલુકા પંચાયત, સદસ્યો, અરવલ્લી જીલ્લા પંચાયત, સદસ્યો, સરપંચો, ભાજપના સિનિયર આગેવાનો સહિત હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.